અપીલ અરજી નં. ૫૯૨ તા.૨૫–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભીમજીભાઈ પરસોતમભાઈ લાઠીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભીમજીભાઈ પરસોતમભાઈ લાઠીયાની તા. ૧૨–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) રેસીડન્સ ઝોનમાં ઈન્ડસ્ટ્રીયલ/કોમર્શીયલમાં ફેરવવા માટે કઈ વિધી કરવામાં આવે છે તેનો માહિતી સભર અહેવાલ આપવા વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૯૨/૨૦૧૧–૧૨

શ્રી ભીમજીભાઈ પરસોતમભાઈ લાઠીયાની તા. ૧૨–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) રેસીડન્સ ઝોનમાં ઈન્ડસ્ટ્રીયલ/કોમર્શીયલમાં ફેરવવા માટે કઈ વિધી કરવામાં આવે છે તેનો માહિતી સભર અહેવાલ આપવા વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૭૧૦ તા. ૨૩–૧૨–૧૧થી માહિતીમાં માંગ્યા મુજબ મુદ્દા પ્રમાણે જવાબ આપેલ નથી, ગોળ–ગોળ જવાબ આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૫–૧–૧૨ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા વિશેષતઃ મુદ્દા નં.૧ અને ૨ માત્ર વેરા સંદર્ભેની માહિતી આપેલ છે પરંતુ શહેરી વિકાસ નિયંત્રણ જોગવાઈ સંદર્ભે પણ પ્રોએકટીવ ડીસ્કલોઝર હેઠળની વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૮૪ તા.૬–૨–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને ગોળ–ગોળ, રફે દફે કરેલ આક્ષેપો સામે સમર્થન સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૧૦ તા.૧૬–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૧૦ તા.૨૩–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૨–૧૨–૧૧ ની અરજીથી રેસીડન્સઝોનને ઈન્ડ. કે કોમર્શીયલ હેતુ માટે ફેરવવાની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી આકારણી વિભાગ વરાછાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૧૦ તા.૨૩–૧૨–૧૧ થી અરજદારની અરજીના મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧ ) રેસીડન્સ ઝોનમાં ઈન્ડસ્ટ્રીયલ/કોમર્શીયલમાં ફેરવવા માટે કઈ વિધી કરવામાં આવે છે તેનો માહિતી સભર અહેવાલ આપવા. મુદ્દા નં.(૨) રેસી.ઝોન હોય તો તેને કોર્પો. ધ્વારા ઈન્ડ./કોમર્શીયલ હેતુ માટે કોર્પો. ધ્વારા બીપીએમસી એકટની કઈ કલમ અનુસાર ટ્રાન્સફર કરવામાં આવે છે તેનો કલમ સાથે જવાબ આપવા બાબત. મુદ્દા નં.(૩) ઉપરોકત ગાયત્રીનગર સોસા.ને રહેણાંક ઝોનમાં હોવા છતાં ઈન્ડ./કોમર્શીયલ વેરાબીલ બીપીએમસી એકટની કઈ કલમ અનુસાર આપવામાં આવ્યા છે તેનો લેખિતમાં જવાબ આપવા બાબત. તેવા મુદ્દા નં.૧ થી ૩ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે જણાવવાનું કે સને ૧૯૪૯ મું.પ્રાં મહાનગરપાલિકાઓના અધિનિયમની અનુસૂચિ'ક' ના પ્રકરણ–૮ ના નિયમ–૨૧ એ મુજબ મિલ્કતનો ભોગવટો વપરાશના પરિબળો ધ્યાને લઈ ફકત

વેરાના હેતુસર મિલ્કતોની આકારણી કરી કરપાત્ર વ્યકિતને વેરાબીલો આપવામાં આવે છે જે કરવામાં આકારણી જે તે જમીન/મિલ્કત જો કોઈ પણ રીતે નિયમ વિરુધ્ધ અથવા તો ગેરકાયદેસરની હોય તો તે જમીન/મિલ્કત નિયમ અનુસારની એટલે કે કાયદેસરની બની જતી નથી કરવામાં આવેલ આકારણી ફકત મ્યુ. ટેક્ષ વસુલાત અંગે જ કરવામાં આવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૧૦ તા.૨૩–૧૨–૧૧ ના પત્રથી આપેલ માહિતીથી નારાજ થઈ તા.૨૫–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે માહિતી માંગ્યા મુજબ મુદ્દા પ્રમાણે જવાબ આપેલ નથી ગોળ ગોળઆપેલ છે પ્રશ્ન રફે દફે કરવાની કોશિશ કરેલ છે તેવી રજૂઆત અપીલમાં કરેલ છે જે અંગે અત્રેથી બંને પક્ષકારો પાસેથી અપીલ સંદર્ભે પૂરક વિગતો માંગવામાં આવેલ. જેમાં અરજદાર પાસેથી અપીલમાં કરેલ ગોળ રફે દફે કરેલ આક્ષેપો સાથે સમર્થન સહ તેમનો પક્ષ રજૂ કરવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર તેમાં સફળ રહેલ નથી અને કોઈ પૂરક વિગતો પૂરી પાડેલ નથી. જાહેર માહિતી અધિકારી પાસેથી પણ પૂરક વિગતોમાં અપીલના મુદ્દાઓ અંગે પક્ષ રજૂ કરવા અને માહિતી માત્ર વેરા સંદર્ભે આપેલ છે પરંતુ શહેર વિકાસ નિયંત્રણ જોગવાઈ સંદર્ભે પણ પ્રોએકટીવ ડીસ્કલોઝર હેઠળની વિગતો સ્પષ્ટ કરવા જણાવવા છતાં તે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રકાશ પાડવામાં આવેલ નથી. અરજદારને શહેરી વિકાસ નિયંત્રણ જોગવાઈ સંદર્ભે કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૫–૧–૧૨ ધ્યાને લેતાં ૨૩–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૧–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૨–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી શહેરી વિકાસ નિયંત્રણ જોગવાઈ હેઠળ નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભીમજીભાઈ પરસોતમભાઈ લાઠીયા,